સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ચીન જેમ જ 'કોરોના', મોતના નખ ભરાવે છે,
વધારે વ્યાપ છાને પગલે મોતથી ડરાવે છે!
ચઢાવે આડે-પાટે સમસ્યાઓને ફંટાવે ચિંતા -
નેતાઓની છે ખૂબી ઢોર પારકે ચરાવે છે!

હાઈકુ

ડરાવે નેતા !
બિહામણા ચિત્રથી -
ફફડે પ્રજા !
(કોરોના કોહરામ)

બે 'બદામ' ના -
વંચાય કરોડોમાં -
બોલાય ભાવ...
(ડુંગળીની બોલબાલા)

ચિંતન

સુખસ્ય દુખસ્ય ન કો અપિદાતા, પરો દદાતીતિ કુબુદ્ધિરેષ ।
અહં કરોમીતિ વથાભિમાનમ્, સ્વકર્મ સૂત્ર ગ્રથિતો હિ લોકઃ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

સુખનો કે દુઃખનો આપનાર અન્યકોઈ પારકો-ત્રાહિત છે જ નહીં, સુખ કે દુઃખ આપણા ને અન્ય કોઈ આપે છે એમ માનવું એ કુબુદ્ધિ જ છે. એવી જ રીતે કોઈ પણ કામમાં સફળતા મળવી એનો 'યશ' લઈ 'મેં' જ કર્યું. 'હું જ કરું છું', 'આપણી વ્યવસ્થા છે' એવો અહંકાર વ્યર્થ જ છે. ખોટું અભિમાન છે. બધા પોતાના કર્મથી જ બંધાયેલા છે અને ફળ સ્વરુપે જ સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતા મળે છે.

અહીં કર્મ અને કર્મફળના સિદ્ધાંતની વાત કરવામાં આવી છે. આ આખું વિશ્વ કાર્ય-કરણની સાંકળથી સંકળાયેલું છે. કર્મ પ્રમાણે જન્મ અને સંજોગો-પ્રકૃતિ-વાતાવરણ બધું જ મળે છે. સુખ-દુઃખ પણ આપણા પૂર્વજન્મનાં કર્મોનું પરિણામ છે.

સુવિચાર

- તમારા થકી કોઈને સુખ મળે તો એ તમારી સિંગ્નેચર છે...
  પણ તમારા થકી કોઈને આનંદ મળે તો એ તમારો ઓટોગ્રાફ છે - **મુંબઈ સમાચાર**
- કમાણી કરતા ઓછું વાપરે એ જ કાબિલ માણસ ગણાય બાકી રઈસ દેખાવાના ખેલમાં
  કેટલાય ગાયબ થઈ ગયા છે - **જીવન પાથેય**
- જવાબદારી ક્યારેય ઉંમર જોઈને નથી આવતી,
  પણ હા જ્યારે પણ આવે ત્યારે ખભા મજબૂત કરી નાખે છે - **ભીખુદાન ગઢવી**
- પિતા એટલે પરિવારને માથે લગાવેલો એવો 'ટફન ગ્લાસ' જે મુશ્કેલીમાં ખુદ ટૂટશે પણ
  પરિવારને તૂટવા નહીં દે - **બહેરામજી દસ્તુર**
- મંદિર પ્રભુનો આભાર માનવાનું સ્થળ છે, પણ આપણે તેને માંગણીની ઓફિસ બનાવી દીધી છે - **કાંતિ ભટ્ટ**
- કાચા કાન, શંકાશીલ નજર અને ઢીલું મન માણસને ગમે તેવી સમૃદ્ધિ વચ્ચે પણ
  નરકનો અનુભવ કરાવે છે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : લીમડાના પાન ગરમ પાણીમાં ઘોઈ તેની પેસ્ટ બનાવી તેમાં અડધી ચમચી હિંગ ઉમેરી તે પેસ્ટ ઘા પર લગાડવાથી ઘા જલ્દી રૂઝાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

કાશ્મીરના મહારાજા હરિસિંહે ભારતમાં જોડાવવા માટે સહી કરી. એ વખતે પાકિસ્થાની લશ્કર શ્રીનગરને કબ્જે કરવા ધસીને આવી રહ્યું હતું. સરદાર વલ્લભભાઈને થયું કોઈ પણ ભોગે કાશ્મીર બચાવવું જોઈએ. એમણે શ્રીનગર જાતે જવાનો નિર્ણય કર્યો. નહેરુએ સલાહ આપી કે ત્યાં જવામાં જોખમ છે. તમને કંઈ થઈ ગયું તો ? સરદાર પટેલે જવાબમાં કહ્યું, 'તો સંસદમાં મને શ્રદ્ધાંજલિ આપજો પરંતુ કાશ્મીરનો પાકિસ્તાન કબજો કરી લે તે હું સહન નહીં કરી શકું.' એર માર્શલ બૂચરને સરદારે ફોન કર્યો. 'મારે તાત્કાલિક શ્રીનગર જવું છે. વિમાનની વ્યવસ્થા કરો.' બૂચરે કહ્યું, 'સાહેબ ત્યાં જાનનું જોખમ છે. આપની સુરક્ષાનું શું?' સરદાર 'માર્શલ, પહેલા દેશની સુરક્ષાની ચિંતા કરવાની પછી વ્યક્તિની ?' વ્યક્તિ કરતાં રાષ્ટ્ર મહાન છે. સરદાર શ્રીનગર ગયા એમના જવાથી ભારતીય સૈન્યમાં ઉત્સાહ ઉમેરાયો. પાકિસ્તાની લશ્કરને અટકાવી દેવાયું. જેના પરિણામે આજે શ્રીનગર અને ખીણ પ્રદેશ ભારતમાં છે.રાષ્ટ્ર કક્ષા માટે જાનનું જોખમ ખેડવાવાળા સરદાર જેવા નેતાઓનાં દર્શન આજે દુર્લભ બન્યા છે.

કોરોનાને ગંભીરતાથી સમજીએ

તંત્રીસ્થાનેથી...

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઝડપથી ફેલાઈ રહેલ કોરોના વાઈરસનો કેર રોકવા રાષ્ટ્રવ્યાપી કટોકટી જાહેર કરી છે અને અબજો રૂપિયા (અમેરિકન ડોલર)ની રકમ આ વાઈરસના ચેપનો વેળાસર ખ્યાલ આવી શકે તે માટે જરૂરી લેબોરેટરી ટેસ્ટ અર્થે છૂટી કરી છે. યુરોપ આખું કોરોનાગ્રસ્ત બની ચૂક્યું છે. શરુઆત ભલે ચીનથી થઈ હોય પરંતુ વાઈરસે વિશ્વના મોટા ભાગના દેશોમાં પ્રવેશ કરી દીધો છે. ભારતમાં અધિકૃત રીતે ૮૫ કેસ થયા છે જે પૈકી બે જણનું મોત નીપજ્યું છે. ભારત જેવા વસતિથી ઊભરાતા અને આરોગ્ય મુદ્દે મહદંશે બેદરકારી દાખવતા દેશમાં કોરોના સપાટો બોલાવી દે એ પહેલા ચેતી જવાની જરૂર છે. દિલ્હી, કેરળ, કર્ણાટક, અને ઓડિશા ઉપરાંત મહારાષ્ટ્ર જેવાં રાજયોએ આ અંગે અગમચેતીનાં પગલાં ભરવા માંડ્યાં છે. ઘણા બધાં રાજયોએ શાળા-કૉલેજો કે જેમાં સૌથી વધુ લોકોને જોતરવામાં આવતા હોય છે તે પ્રતિબિંધિત કરાયા છે અને જાહેર જનતાને પણ શક્ય ત્યાં સુધી આવા ઉપક્રમો નહીં યોજવાની સલાહ અપાઈ છે. વેકેશનમાં મોટા પાયે યોજાયા સમર કેમ્પો બંધ રખાયા છે. અલબત્ત, તેમ છતાં લોકોમાં બિનજરૂરી ગભરાય ન ફેલાય તે માટે કેન્દ્ર સરકાર આરોગ્ય ખાતાના પ્રવક્તાએ જણાવ્યું છે કે અત્યારે ડરી જવું પડે એવી કોઈ પરિસ્થિતિ નથી, પરંતુ અગમચેતીના ભાગરુપે પ્રવાસ ટાળવો, બની શકે તો ઘરેથી જ કામ પતાવવું, અમેરિકા સહિત ઘણા 'સુધરેલા' અને સમૃદ્ધ દેશોમાં કર્મચારીઓને ઘરેથી જ કામ કરવાની સૂચના અપાઈ છે. આવડા અમથા ટચૂકડા જીવજંતુડાએ માનવજાતને બાનમાં લઈ લીધી છે તે પણ કેવી વિડંબના છે ! વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિચારશીલ અને સંવેદનશીલ નેતા છે. એટલે એમણે 'સાર્ક' દેશોની શિખર બેઠક પર ટેલી કોન્ફરન્સથી જ યોજવાની સલાહ આપી છે, જે પાકિસ્તાન સિવાયના સાર્ક સભ્યોએ ઉમળકાભેર આવકારી પણ છે. વડોદરાનો મોદીનો જાહેર કાર્યક્રમ બંધ રહ્યો છે, ૩૧ માર્ચ સુધી ગુજરાત સરકારે તમામ સેમિનાર, જાહેર કાર્યક્રમો બંધ રાખ્યા છે. દેખીતી રીતે જ સરકારનાં આ પગલાં કોરોના વાઈરસની ગંભીરતા સૂચવે છે. આપણા સમાજમાં હોળી પછીના મહિનાઓ દરમિયાન લગ્નોનો રાફડો ફાટે છે. લગ્ન સમારંભો, ધાર્મિક અનુષ્ઠાનો, મેળાવડા વગરે પણ સ્વૈચ્છિક રીતે બંધ રખાય એવી સ્વાભાવિક અપેક્ષા સરકારી તંત્રને રહેશે. પૂજ્ય મોરારિ બાપુની રામકથાઓ પર પણ એની અસર પડશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાનું બેંગલુરુમાં થયેલું આયોજન રદ કરાયું તે સૂચક છે. કોરોના વાઈરસની ચપેટમાં મધ્યપ્રદેશના ભાગેડુ ધારાસભ્યો પણ આવી શકે. કારણ કે કર્ણાટક આખું અત્યારે દેશમાં સૌથી વધુ કોરોનાગ્રસ્ત રાજય છે. આથી મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને હાલ કોંગ્રેસના રાજયસભા માટેના ઉમેદવાર દિગ્ગી રાજાએ કર્ણાટક લઈ જવાયેલા ધારાસભ્યોને કોરોના ટેસ્ટ કરાવ્યા પછી જ વિધાનસભા ગૃહમાં પ્રવેશ અપાવો જોઈએ એવી ટીખળ કરી છે. આટલો હાઉ અગાઉના વાઈરસ હુમલાઓ દરમિયાન ક્યારેય નહોતો ઊભો થયો. કોરોના વાઈરસે ચીનની કમર ટોળી નાખી છે. શેરબજારોને ઊંધે માથે સુવડાવી દીધું છે અને હવે આ વાઈરસ અમેરિકન સૈનિકો દ્વારા ચીનમાં પ્રવેશ્યું હોવાની નવી દલીલ સાથે બે મહાસત્તાઓ વચ્ચે દોષનો ટોપલો એકબીજા પર ઢોળી દેવાની હરિફાઈ શરૂ થઈ છે. થોડુંક હસી લઈએ, રમી લઈએ, પરંતુ જરા સાચવી પણ લઈએ એ જરૂરી છે.

દુજો લાગે ન દિલડે રંગ !

આરપાર

રાઘવજી માધડ

હજુ ગણતરીના દિવસો પહેલા, હોળી-ધૂળેટીના દિવસે તન-મન પર જે રંગ હોય તે પછીથી ડાઘ થઈને ઊભો રહે એવુંય બને ! મીરાંબાઈએ કૃષ્ણને ઉદ્દેશીને ગાયું હતું,ઐસીતો રંગ દે પિયા રંગ નહીં જાવે, ધોબી ધુએ ચાહે સારી ઉમરિયા...આ ગુલાબ પણ ઈચ્છતી હતી,મારો પ્રિયતમ મને એવી તો રંગી દે કે, તેનો રંગ જીવનભર જાય નહીં અને બીજો રંગ લાગે નહીં.

ગુલાબ,હોળી-ધૂળેટીના તહેવાર નિમિતે વ્યવહાર સાચવવા પોતાના વતન,રાજસ્થાનના બાડમેર બાજુ જવાની હતી.તેથી રજા લેવા આવી હતી.ના,પાડવાને કોઈ કારણ નહોતું. ઘરકામ હાથે અને સૌના સાથે થઇ શકે. આ બહાને કદાચ બહાર કસરત કરવાનું ટાળી ને વાળી પણ શકાય !

રંગ-ગુલાલ,આનંદ-ઉત્સવ,નાચ-નૃત્ય અને મસ્તી-મદહોશીના આ તહેવારનો જગતમાં જોટો જડવો મુશ્કેલ છે.દેશ-દેશાવર છોડી,માત્ર ગુજરાતની વાત કરીએ તો પણ આ તહેવારની વિસ્તાર પ્રમાણે વિવિધતા અને આગવી પરંપરાઓ જોવા મળે છે.અમુક વિસ્તારના લોકો કોઈપણ સ્થળે હોય ત્યાંથી કામ-ધંધા છોડી આ દિવસોમાં માદરે વતન જાય અને સૌની સાથે પરંપરાગત વેશ-પરિધાનમાં આ તહેવારને મનભરી માણતા અને ઉજવાતા હોય છે.

ગુલાબ ભલે વરસોથી અહીં રહેતી હોય પણ આ તહેવારમાં વતનમાં જ ઉજવવાનો હોય.કોઈ ઘર-શેઠાણી ના પાડે તો ગુલાબ રુઆબથી તેનું ઘરકામ છોડી દે પણ જાવાનું છોડે નહીં.

આ તહેવારનો પ્રકૃત્તિ સાથે સીધો સંબંધ રહ્યો છે.વનવગડે વસનારી પ્રજા તેમાં ઓતપ્રોત થઈ જાય છે.સંસ્કૃતિનું સંવર્ધન અને સ્ત્રી સશક્તિકરણના આપણે નારા લગાવીએ છીએ,બુમ-બરડા પાડીએ છીએ ત્યારે આ પ્રજાના લોહીમાં સંસ્કૃતિનું સંવર્ધન અને સ્ત્રી સશક્તિકરણ તત્વો ભળેલા છે.છોટાઉદેપુર બાજુની પરંપરામાં,ઝાડ પર કપડાંમાં બાંધેલ પ્રસાદ લેવા યુવાનો ઉપર ચઢે છે...ઝાડ પણ ફરતે ઊભી હોય તે યુવતીઓ લાકડીથી તેને ફટકારે ! તેમાંથી પાર ઉતરે તે,પ્રિયતમાને પામે...એવું હતું.વળી ભુવા, જાગરિયાને પણ ગોળ ગોળ ફેરવી કસોટીએ ચઢાવે. ક્યાંય અંધશ્રદ્ધા નહીં !

વળી દક્ષિણ ગુજરાતમાં તો દિવાળી કરતા પણ આ તહેવારનું વિશેષ મહત્વ રહ્યું છે.તેઓનાં હૈયે વસેલું સૂત્રઃખાઉલા,પીઉલા,નાચુલા...! ઘરમાં ભલે આવતીકાલ માટેનું મુઠ્ઠી ધાન ન હોય, ખિસ્સા ખાલી હોય..પણ તેમનાં ભાવ-ભીનાં હૈયાની સમૃદ્ધિ આગળ ભલભલી અમીરાત ઓછી લાગે, અળગોટીયા ખાય !

પાંચ દિ'પછી ગુલાબ પાછી આવી ગઈ હતી.પણ તેનાં મોં પર લાલી નહોતી.તેનું કહેવું હતું:' લખો છો તે,મારીય કહાની લખોને..!'થયું હતું,'તારું તે વળી લખવા જેવું શું હોય !' પણ માંડીને વાત કહી હતી.

-વરસો પહેલા એક ફૌજી યુવાનના હાથે ગુલાબ તન-મનથી રંગાઇ ગઈ હતી.પણ વળતા વરસે હૈયામાં હોળી સળગી હતી.સરહદ પર યુવાનની શહીદી પછી તેની લાશ જ પાછી આવી હતી...

એક દાયકા બાદ પણ ગુલાબના તન પર બીજો કે બીજાનો રંગ લાગ્યો નહીં...પૂછ્યું તો શ્વાસ ઘૂંટીને બોલી હતી : 'દુજો લાગે ન દિલડે રંગ !'

છેલ્લે : ધારેલું ન મળે, મળેલું ન ગમે અને ગમેલું ન ટકે...બને, આવુંય બને !

અંધશ્રદ્ધા, આશ્રમો અને આપણે : ઈશ્વર અને ૨૧મી સદી

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

માનવજાત અસ્તિત્વમાં આવી ત્યારથી આજસુધી એની ઉપર ''ઈશ્વરત્વ''નો પ્રભાવ અકબંધ રહ્યો છે. ઈશારા અને સંકેતોમાંથી માણસ ભાષા અને છેક ઈન્ટરનેટ — મિડીયાના યુગ સુધી પહોંચ્યો પણ તેની ઈશ્વર પ્રત્યેની આ શ્રદ્ધા સહેજેય ઓછી થઈ નથી. એ વ્યક્તિ પછી મંદિરની બહાર ભીખ માગતો ભિક્ષુક હોય કે અમિતાભ બચ્ચન હોય કે રૂ/- ૩૫૧ કરોડનો મોબાઈલ વાપરતા મુકેશ અંબાણીના ધર્મપત્ની શ્રીમતી નીતા અંબાણી હોય — સૌ કોઈ ઈશ્વરને શ્રદ્ધાથી પૂજે છે. જો કે આ શ્રદ્ધા કે અંધશ્રદ્ધા માત્ર ઈશ્વર સુધી સીમિત રહે ત્યા સુધી કોઈ વાંધો આવતો નથી પણ જ્યારે ઈશ્વરના નામે વ્યક્તિપૂજા કે વ્યક્તિ પ્રત્યેની શ્રદ્ધા કે અંધશ્રદ્ધા વધતી જાય છે ત્યારે ઘર, પરિવાર, સમાજ, અને રાષ્ટ્રમાં મોટી સમસ્યાઓ અને અનિષ્ટો પ્રવર્તે છે.

આપણો ભારતીય સમાજ યુગોથી ધાર્મિક રહ્યો છે. આપણી માનવ સભ્ય સંસ્કૃતિ ધર્મની ગળથૂથી પીને મોટી થઈ છે. વિશ્વમાં કદાચ ભારત એક જ એવો દેશ છે કે જ્યા અનેક ધર્મો અને સંપ્રદાયો વિકસ્યા છે. આ ધર્મો અને સંપ્રદાયો વિકસે એમાંય વાંધો નથી કેમ કે તેઓ પ્રજાને સત્કર્મે વાળે છે. પરંતુ જ્યારે સ્થાનિક વ્યક્તિને ઈશ્વર માનીને વ્યક્તિપૂજા શરું કરી દેવામાં આવે છે ત્યારે સમાજ અને દેશની અધોગતિ શરું થઈ જાય છે. કેમ કે કોઈ વ્યક્તિ ઈશ્વર કેવી રીતે હોઈ શકે ? વ્યક્તિ મહાન હોઈ શકે, પ્રજાની સેવા કરી હોય, સહાય કરી હોય, ધર્મની સાચી સમજને કારણે પ્રજાને સાચું માર્ગદર્શન આપ્યું હોય, એમના વ્યક્તિત્વમાં ગજબ પ્રકારનું આકર્ષણ હોય, ઓરાનો પ્રભાવ હોય... આવા ગુણોને કારણે વ્યક્તિ આખા સમાજ કે દેશ ઉપર પોતાનો પ્રભાવ પાથરી મહાન બની શકે છે પણ ઈશ્વર તો નહીં જ. રામ અને કૃષ્ણમાં તો આપણે ઊંડા ઉતરતા નથી. કેમ કે તેમના વિશે મહાકાવ્યો મળે છે આખા સંસારે તેમને ઈશ્વર માનીને સ્વીકાર્યા છે. પરંતુ આજે ઈશ્વરના નામે અનેક ''બાબા, બાપુ, બાપા, સ્વામી, સંતો, સાધુઓ, ગુરુદેવો, મહાત્માઓ, ગુરુજીઓ, ફકીરો, મહારાજો... પ્રજાને ભ્રમિત કરે છે આમાંથી ઘણાના સંપ્રદાયો તો વિશ્વભરમાં ફેલાયેલા છે. કરોડોની નહીં પણ ખરબોની સંપતિ છે. પણ આપણા દેશની પ્રજા એટલી ભોળી છે કે એ કદી વિચારતી જ નથી કે આ બધા ''બાબા, બાપુ, બાપા, સ્વામી, સંતો, સાધુઓ, ગુરુદેવો, મહાત્માઓ, ગુરુજીઓ, ફકીરો, મહારાજો... ક્યાંય નોકરી કે ધંધે જતા નથી. કોઈ વ્યવસાય પણ નથી. સંસારની બધી મોહ માયા મૂકીને તો સાધુ સંત બન્યા હોય છે તો પછી લાખો રૂપિયાની ગાડીઓમાં કંઈ રીતે ફરે છે ? માત્ર સૂકો મેવો ફળ ફૂટ્સ કેવી રીતે ખાય છે ? વારંવાર વિદેશ પ્રવાસો કંઈ રીતે કરે છે ? આટલા ભવ્યાતિભવ્ય આશ્રમો, કોઠીઓ, મંદિરો, મસ્જિદો કંઈ રીતે બાંધે છે ? સરકાર આ કાર્ય માટે ગ્રાન્ટ પણ આપતી નથી. નથી ક્યાંયથી લોન લેતા. તો પછી આટલું બેસૂમાર ધન આવે છે ક્યાંથી ? આ પ્રશ્ન વિશે આપણે કદીયે વિચારતા જ નથી. કહેવાય છે કે દક્ષિણના એક વિશ્વ પ્રસિદ્ધ મંદિરની વાર્ષિક આવક એટલી બધી છે કે એનાથી આખો ભારત દેશ ચાલી શકે એમ છે. માત્ર એની માસિક આવક જ જો સરકારને આપવામાં આવે તો પણ આખા દેશના તમામ શિક્ષિત બેરોજગારોને નોકરી મળી શકે અને તમામને પૂરતો પગાર આપી શકાય. હવે આ મંદિરના પુજારીઓ કે પંડિતોનો આર્થિક વહિવટ એક દેશના વડાપ્રધાન કરતાય મોટો છે. આવા અનેક મંદિરો ભારતમાં છે. જેની માસિક નહી પણ રોજની આવક કરોડોમાં છે. સરકાર આવા માત્ર પાંચ જ મંદિરોની દર વર્ષે માત્ર એક જ મહિનાની આવક લે તો ય દેશમાંથી ગરીબી અને બેરોજગારીની સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકે એમ છે. મને એ સમજાતું નથી કે સરકાર ઉધોગપતિઓ, વેપારીઓ, નેતાઓ, ઓફિસરોને ત્યા દરોડા પાડે છે. પણ આ ધાર્મિક સ્થળોએ દરોડા કેમ નથી પાડતી ? આ પંડિતો, બાબાઓ, બાપુઓ, ફકીરો, સાધુ — સંતોના આશ્રમોમાં, કુટિરોમાં, મંદિરો — મસ્જિદોમાં દરોડા કેમ નથી પાડતી ? વળી આ બધાની આવકમાં કોઈ ઈન્ટમટેક્ષ પણ નહીં. જે સાવ મફતમાં બેઠા બેઠા નિર્જીવ પથ્થરની મૂર્તિઓ ઈશ્વરના નામે મૂકી દઈને, આવી મૂર્તિઓને હિરા ઝવેરાતોથી, સોના ચાંદીથી મઢીને આપણા પાસેથી રોજના કરોડો રૂપિયા દાનમાં મેળવે છે. જેને કોઈ ટેક્ષ નહી ભરવાનો અને જેઓ બિચારા દિવસ રાત મહેનત મજૂરી કરી કરીને વર્ષે માંડ પાંચ સાત લાખ રૂપિયા કમાતા હોય એમની પાસેથી પરાણે ટેક્ષ વસૂલાય છે. આવી સિસ્ટમને કારણે તો સમાજમાં આશારામ કે રામ રહિમ જેવા સામ્રાજ્યોનો જન્મ થાય છે.

જો કે હું તો વ્યક્તિગત રીતે આવા ''બાબા, બાપુ, બાપા, સ્વામી, સંતો, સાધુઓ, ગુરુદેવો, મહાત્માઓ, ગુરુજીઓ, ફકીરો, મહારાજોનો વાંક ગણતો જ નથી. વાંક બધો આપણો જ છે. અને થોડો સરકારનો. એક રીતે જોઈએ તો આ બધા ધર્મનો ધંધો કરે છે. પહેલાના યુગમાં આ બધી પ્રવૃતિ માટે બ્રાહ્મણોનો ઈજારો અને હક્ક હતો. પણ હવે તો જ્ઞાતિ — જાતિ જેવું કશું જ નથી રહ્યું. યુગોથી આ બધા જ બાબા બાપુ બિઝનેશમેનો પ્રજાના માનસમાં ઠસાવતા આવ્યા છે કે કમાણીનો દસમો ભાગ દાન ધર્મ અને સત્કર્મો માટે વાપરવા જોઈએ. આ વાત પણ સાચી જ છે પણ એ આવક આપણા ઘરની આસપાસ રહેતા ગરીબોના સંતાનોના શિક્ષણ માટે આપીએ કે પશુ પક્ષીઓ માટે વાપરીએ તો ઠીક છે પણ કોઈ મંદિર કે આશ્રમ કે મસ્જિદોમાં એ દાનની રકમ આપીએ છીએ ત્યારે ધર્મનું અને શ્રદ્ધાનું સંતુલન બગડે છે. આપણા પૈસે આ બધા ધર્મના ધંધાદારી ધૂરંધરો એશ આરામ કરે છે. લાખો કરોડોની જમીનો ખરીદીને — આશ્રમો બનાવીને અંદર શું ચાલતું હોય છે એ કોઈ જાણી શકતું નથી. અને આપણી પ્રજા એટલી મૂર્ખ છે કે સહેજ અમસ્તુ દુઃખ આવ્યું કે તરત જ દોડે છે આવા બાબાઓ, બાપુઓ, સ્વામીઓ, મહારાજો પાસે — હવે આવા બાબાઓના ભૂતકાળ જોશો તો એમનો જ ઘર સંસાર તૂટ્યો હોવાથી કે ગામ સમાજે ત્યાગ કરવાથી કે પોલીસ શોધતી હોવાથી કે ખુબ જ વધુ દેણું ચડી જવાથી કે નોકરી ધંધો નહી મળવાથી કંટાળીને મોટાભાગના બાબા બન્યા હોય છે. અને આપણે એમના પ્રભાવમાં આવી જઈને એમની પાસે જ આપણા જીવનનું દુઃખ લઈને જઈએ છીએ. હવે જે બાબા કે બાપુ પોતાનું જ દુઃખ દુર નથી કરી શકતા તે આપણું દુઃખ કંઈ રીતે દૂર કરી શકશે ? ઘણા બાબાઓ જાહેરમાં ચમત્કાર કરતા હોય છે. કેમ કે તેઓ જાણે છે કે આ દુનિયામાં ચમત્કાર વિના નમસ્કાર નથી. પરંતુ આપણે શિક્ષિત હોવા છતાંય એટલું સમજી નથી શકતા કે સામાન્યમાં સામાન્ય માણસ પણ ૧૫/૨૦ દિવસની ટ્રેનિંગ લઈને ચમત્કારો કરવાનું શીખી શકે છે. એ જાદુગરની કળા છે. અને ખરેખર જોઈએ તો આ જગતના ૮૦ ટકા પ્રશ્નો તો આપણા પોતાના સ્વભાવને લઈને જ ઊભા થતા હોય છે. આવા બાબાઓ પાસે ગયા વિના દરેક સમસ્યાના મૂળમાં જઈશું તો એ સમસ્યા થવાનું સાચું કારણ મળશે અને થોડો સ્વભાવ બદલીશું તો સમસ્યા આપોઆપ દૂર થઈ જશે. અને આવા બાબાઓને કે મંદિરોમાં કે આશ્રમોમાં અપાતા આપણા લાખો રૂપિયા બચી જશે.

આપણે એ પણ જાણતા હોતા નથી કે આવા બાબાઓ કે બાપુઓએ પોતાના અનેક સ્તરના મંત્રીમંડળો પણ બનાવ્યા હોય છે. સો/બસો લોકો એવા હોય છે કે જેઓ બાબા માટે જીવ આપી દેવા તત્પર હોય છે. આવા પરમભક્તો (આશ્રમ અધિકારીઓ) દેશભરમાં ફેલાયેલા હોય છે. જેઓ વિવિધ પ્રજાને ભરમાવીને આશ્રમ સુધી લાવતા હોય છે. આવા ભક્તોને તેમના આ કાર્ય માટે મસમોટી રકમ પણ નિયમિત મળતી હોય છે. આપણે એ પણ જાણતા હોઈએ છીએ કે આવા બાબાઓ કે બાપુઓએ પોતાના અનેક સ્તરના મંત્રીમંડળો પણ બનાવ્યા હોય છે. સો/બસો લોકો એવા હોય છે કે જેઓ બાબા માટે જીવ આપી દેવા તત્પર હોય છે. આવા પરમભક્તો (આશ્રમ અધિકારીઓ) દેશભરમાં ફેલાયેલા હોય છે. જેઓ વિવિધ પ્રજાને ભરમાવીને આશ્રમ સુધી લાવતા હોય છે. આવા ભક્તોને તેમના આ કાર્ય માટે મસમોટી રકમ પણ નિયમિત મળતી હોય છે. આપણે એ પણ જાણતા હોઈએ છીએ કે આવા બાબાઓ કે બાપુઓને કે મહારાજોને પત્નીઓ ને સંતાનો પણ હોય છે. અને તેઓ ડેરાઓ, આશ્રમો, ગુરુકુળો કે સંપ્રદાયો ચલાવતા હોય છે. તો આ બિઝનેશ નહી તો બીજું શું ? આ ધર્મનો

અનુસંધાન પાના નં ૭ પર

કોન્ગ્રેચ્યુલેશન્સ ટીમ સૌરાષ્ટ્ર...!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

'જયદેવ ઉનડકટને દૌડના શરુ કિયા..બેટ્સમેન ઈશાન પોરેલ તૈયાર....ઔર યે ગેંદ..સીધી જા કે પોવેલ કે પેડ પર લગી...ખિલાડીયો કી અપીલ ઔર અમ્પાયર કી ઉંગલી ઉઠી...પોવેલ આઉટ લેગ બીફોર વિકેટ ઔર ઈસકે સાથ સૌરાષ્ટ્ર બન ગયા રણજીટ્રોફી કા નયા ચેમ્પીયન....''..!!! છોતેર છોતેર વર્ષના ઈન્તેજાર પછી આ લખાય છે ત્યારે શુક્રવારે રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ અસોસિયેશનના મેદાન પર એ ઘડી આવી કે જેની દરેક ક્રિકેટપ્રેમીઓ અને ખાસ તો સૌરાષ્ટ્રના ક્રિકેટપ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા. ભારતની પ્રતિષ્ઠિત ઘરેલું ક્રિકેટ સ્પર્ધા રણજીટ્રોફીની ફાઈનલમાં સૌરાષ્ટ્રના પહેલી ઈનિંગના ૪૨૫ રનનો સામનો કરવા ઉતરેલી બંગાળની ટીમની ૩૮૧ ના સ્કોરે પોવેલના રૂપે દસમી વિકેટ પડતા જ પહેલી ઈનિંગની ૪૪ રનની લીડના આધારે સૌરાષ્ટ્ર બન્યું રણજીટ્રોફીનું વર્ષ ૨૦૧૯-૨૦ નું નવું ચેમ્પિયન...!!

ક્રિકેટમાં કહેવાય છે કે 'કેપ્ટન લીડીંગ ફ્રોમ ધ ફ્રન્ટ 'બસ કેક એવી જ રીતે સૌરાષ્ટ્રની આ ઐતિહાસિક સિદ્ધિનો મોટાભાગનો યશ કેપ્ટન જયદેવ ઉનડકટને જાય છે. નો ડાઉટ આખીયે ૧૯-૨૦ ની રણજી સિઝનમાં પ્રેરક માંકડ, શેલ્ડન જેક્શન (૧૦ મેચની ૧૧ ઈનિંગમાં ૩ સદી અને ૩ અર્ધીસદી સાથે ૭૯૭ રન), ધર્મેન્દ્રસિંહ જાડેજા (૧૧ મેચમાં ૩૨ વિકેટ), સાકરિયા, અર્પિત વસાવડા (૧૦ મેચની ૧૫ ઈનિંગમાં સેમીફાઈનલ અને ફાઈનલમાં ફટકારેલી અતિ ઉપયોગી સદીઓ મળીને કુલ ૪ સદી સાથે ૭૬૦ રન), હાર્વિક દેસાઈ, કમલેશ મકવાણા, વિશ્વરાજ જાડેજા, ચેતેશ્વર પુજારા સહીત આખીયે ટીમનો ફાળો છે પણ જયદેવ ઉનડકટે એકલે હાથે આ અઘરું કાર્ય પાર પાડવામાં સિંહફાળો આપ્યો છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. રણજીના ઈતિહાસમાં એક સિઝનમાં સૌથી વધુ વિકેટ લેનારની યાદીમાં ટોચ પર રહેવામાં માત્ર એક વિકેટથી ચુકી જનાર જયદેવે આ સિઝનમાં ૧૦ મેચમાં કુલ ૬૭ વિકેટ ખેરવી છે જેમાં પાંચ વિકેટ સાત વાર અને મેચમાં દસ વિકેટ ૩ વાર ખેડવી છે અને મોટાભાગની વિકેટો પણ એવા સમયે કે જ્યારે ટીમને સૌથી વધુ જરૂર હતી. ભારતીય પીચો પર અને ભારતીય કન્ડીશનમાં આવો ઉત્તમ દેખાવ કરવો ખરેખર પ્રશંશનીય છે. કદાચ આ દેખાવને લીધે જયદેવ ફરી એકવાર રાષ્ટ્રીય ટીમમાં સામેલ થાય તો નવાઈ નહિ.

એવું નથી કે સૌરાષ્ટ્ર પહેલીવાર રણજી ચેમ્પિયન બની છે કેમકે ૧૯૩૬-૩૭માં બર્ટ વેન્સ્લી નામના બ્રિટિશ સરકારના અધિકારીએ નવાનગરની કેપ્ટનશીપ કરીને ટીમને ફાઈનલમાં બંગાળ સામે રણજી ચેમ્પિયન બનાવી હતી. જ્યારે ૧૯૪૩-૪૪માં બ્રિટિશ સરકારના કેપ્ટન હર્બર્ટ બેરેટે જામસાહેબ રણજીતસિંહના આગ્રહથી વેસ્ટર્ન ઈન્ડિયાની કેપ્ટનશીપ સંભાળી અને બંગાળ સામે ફાઈનલમાં ટીમ જીતી હતી. ઈતિહાસ ફરીથી રીપીટ થયો અને ૨૦૧૯-૨૦ મા પણ ફાઈનલમાં બંગાળને હરાવીને જ સૌરાષ્ટ્ર ચેમ્પિયન બન્યું.!! અને આ કાઈ રાતોરાત નથી થયું કેમકે જો છેલ્લા દસ વર્ષનો ઈતિહાસ જોઈએ તો સૌરાષ્ટ્રને અને રણજી ટ્રોફીને વહેતનું છેટું રહી જતું હતું. આ પહેલા છેલ્લા દસ વર્ષમાં સૌરાષ્ટ્ર ૧૯૧૨-૧૩, ૧૯૧૫-૧૬ અને હજુ ગઈ જ સિઝનમાં ૧૯૧૮-૧૯ માં ફાઈનલમાં પહોચેલી પણ રનર્સ-અપ થઈને જ સંતોષ માનવો પડેલો અને આજે માત્ર એક વર્ષથી વધુ સમયમાં સૌરાષ્ટ્ર રણજી ચેમ્પિયન બની છે તે ખાસ કરીને સૌરાષ્ટ્ર ક્રિકેટ માટે ખરેખર ખુબ જ અનેરી સિદ્ધિ છે અને સાથે સાથે જ્યાંથી રણજીતસિંહ,